ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર**

# શહેરના સર્કલોની જવાબદારી કોર્પોરેશનને સોંપવામાં આવશે

**નગરની આગવી ઓળખ સમા સર્કલોને વિવિધ થીમ આધારીત વિકસાવાયા છે રંગમંચ બગીચા બાદ હવે સર્કલોની જાળવણી પણ કોર્પોરેશને કરવાની રહેશે**



ગાંધીનગર તા ૨૦

શહેરના સર્કલોની નિભાવણીની જવાબદારી કોર્પોરેશનને સોપી દેવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સર્કલોની નગરી તરીકે ઓળખાતા શહેરમાં મુખ્ય માર્ગો પર સર્કલોને પણ વિશિષ્ટ રીતે વિવિધ થીમ આધારીત વિકસાવાયા છે. જયોર સર્કલોની જાળવણીની જવાબદારી મહાનગરપાલિકાને સોંપી દેવા પણ આયોજન કરવામાં આવી રહયુ છે.

ગ્રીન સીટી તરીકે ઓળખાતા ગાંધીનગરને સર્કલોની નગરી તરીકે પણ ઓળખવામાં આવે છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોને નવા નામાભિધાન કરવાની સાથે તેને વિકસાવાની જવાબદારી પણ વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. જયારે સમય મુજબ સંબંધિત એજન્સીને રીન્યુ કરી નિયત સમયગાળા માટે સર્કલોની જાળવણી કરવાનુ કામ પણ માર્ગ મકાન વિભાગ દ્વારા સોંપવામાં આવ્યુ છે. શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જ સર્કલોની કાયાપલટ કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ આમછતા હજુ નવા સર્કલોને વિકસાવાનુ કામ બાકી છે. સર્કલોને નવા નામ મુજબ વિવિધ થીમ મુજબ સુશોભિત કરવામાં આવ્યા છે. ત્યારે તેની જાળવણીનુ કામ પણ મહત્વનુ બન્યુ છે. સર્કલો શહેરની આગવી ઓળખ બન્યા છે. ત્યારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ લાંબા સમયના અંતે સર્કલોના વિકાસ અને જાળવણી મામલે જવાબદારી સોંપવા ચક્રો ગતિમાન થયા છે. હાલ શહેરમાં રસ્તા પાણી અને ગટર સહીતની સઘળી જવાબદારી માર્ગ મકાન વિભાગના શીરે છે. ત્યારે રંગમંચ અને બગીચાઓની સાથે હવે સર્કલોની નિભાવણી પણ આગામી સમયમાં કોર્પોરેશને કરવાની રહેશે. શહેરમાં અંદાજિત ૨૬ જેટલા સર્કલો છે. જેમાં મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોને વિશેષ રીતે વિકસિત કરાયા છે. શહેરના સર્કલોના વિકાસ પાછળ કાર્યરત સંસ્થાઓ દ્વારા તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. ત્યારે હવે સર્કલોનો નિખાર બરકરાર રાખવાની જવાબદારી મહાનગરપાલિકાએ નિભાવાની રહેશે.

# મનપામાં દબાણ શાખા માટે ૧૫મી જાન્યુઆરી સુધી ૨૦ કર્મચારીઓની ભરતીને મંજુરી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકામાં દબાણ શાખા ૧૫ જાન્યુઆરી સુધીની મુદત સુધી કાર્યરત કરવા અને તે માટે ૨૦ કર્મચારીઓની ભરતી કરવાની સત્તા કમિશનરને સોંપવાનો પ્રસ્તાવ વિના વિરોધે આજે સામાન્ય સભાએ મંજૂર કર્યો હતો.

૬૦ દિવસ બાદ મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે આજે મળેલ મનપાની સામાન્ય સભામાં આમતો આ એક જ મુદ્દો હતો અને સામાન્ય સભા ગણતરીની મિનિટોમાં પૂર્ણ થઈ જશે તેવા અનુમાનો સાથે આરંભાઈ હતી.

પંતુ આ મુદ્દે અને મેંગ્લોર સેમિનાર તેમજ ગૃહના અવમાન સહિતના મુદ્દા ભાજપના જ શ્રી સંદીપ જ્યોતિકરે રજુ કરી અને તંત્ર પર ભારે ભીંસ જમાવી હતી. કમિશનરને બે થી ત્રણ વાર સ્પષ્ટતાઓ કરવાની ફરજ પડી હતી તેમજ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે સુયોગ્ય સંકલનનો અભાવ હોવાની વાત બહાર આવી હતી.

દબાણ શાખા શરૂ કરવાનો નિર્ણય કેમ લેવાયો તે અંગે કમિશનરશ્રીએ જ્યારે શ્રી સંદીપ જ્યોતિકરને નામદાર અદાલતનો ચુકાદો જોઈ લો, અભ્યાસ કરી વાત કરો તેવુ કહેતાં જ મામલો બિચક્યો હતો અને શ્રી જ્યોતિકરે એક પછી એક મુદ્દાઓ ઉપસ્થિત કરી તંત્રને ભીંસમાં લીધુ હતુ.

એક તબક્કે મેયરે કમિશનરે તેમને મેંગ્લોર પ્રવાસને લઈ કોઈ વિસ્તૃત વાત કરી હોવાનો ઈન્કાર કરતાં ચૂંટાયેલા પદાધિકારીઓ અને વહીવટીતંત્ર વચ્ચે સંકલનનો અભાવ સામે આવ્યો હતો.

દબાણ શાખા શરૂ કરવા માટે ૪ નાયબ કાર્યપાલક ઈજનેર, ૮ ઈજનેર અને ૪ કારકુન તેમજ ૪ પટાવાળાની ભરતીનો પ્રસ્તાવ રજુ થયો હતો. આ કર્મચારીઓની હાલ

● અનુસંધાન પાન-૬ પર

# આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો ૭૩મો જન્મદિન

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનો આજે ૭૩મો જન્મદિવસ છે.



વિજાપુર તાલુકાના ખરોડ ગામે તેમનો જન્મ થયો હતો. ખરોડ, પિલવાઈ, વિસનગરમાં શિક્ષણ મેળવી તેમણે શિક્ષિકા તરીકેની કારકિર્દી આરંભી હતી.

અમદાવાદની મોહિનીબા કન્યા વિદ્યાલયના આચાર્ય પદે તેમણે આપેલ સેવાઓ બદલ રાજ્ય સરકાર અને ભારત સરકારે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ આપ્યો હતો. ભણવામાં પણ તેમણે ગોલ્ડ મેડલ એમ.એસ.સી.માં મેળવ્યો હતો.

ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળવા ઉપરાંત તેમણે સંગઠ્ઠન ક્ષેત્રે પણ નોંધનીય કામગીરી કરી છે. રાજ્યસભાના સાંસદ ઉપરાંત રાજ્યના શિક્ષણ, માર્ગ-મકાન, મહેસુલ, શહેરી વિકાસ, મહિલા બાળ-વિકાસ વિભાગના મંત્રી તરીકેની જવાબદારી નિભાવી અનેરી લોકચાહના પ્રાપ્ત કરી છે.

# સ્માર્ટસીટી સેમિનાર મામલે ઉહાપોહ

**સ્માર્ટસીટીના સેમિનારમાં કોને લઈ જવાય તે અંગે કમિશનરે મને કોઈ જ વાત કરી નથી : મેયર**

**પસંદગી કોને કરી; કોના કહેવાથી કરાઈ અને તેના ધોરણો શું હતા; સેમિનાર માટેના અપેક્ષિત કોણ હતા સ્પષ્ટતા કરો : શૈલેન્દ્રસિંહ**



ગાંધીનગર, તા. ૨૦

મેંગ્લોરમાં સ્માર્ટ સીટીના યોજાયેલા સેમિનારમાં કોને લઈ જવા અને કેવી રીતે લઈ જવા તે અંગે મારી અને કમિશનર વચ્ચે કોઈ જ ચર્ચા થઈ નથી અને સભ્યોની પંસદગી પણ કેવી રીતે થઈ તેની મને ખબર નથી એવા ચોંકાવનારા વિધાનો આજે મનપાના મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ સામાન્ય સભામાં કરતાં સમગ્ર ગૃહમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

કોંગ્રેસ પક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ સભ્યોની પસંદગી કોને કરી, કોના કહેવાથી થઈ એટલુ જ નહિ આ સેમિનારમાં ભાગ લેવા કોણ કોણ અપેક્ષિત હતા તેવા અણિયાળા સવાલો ઉઠાવી તંત્ર સામે બરાબરની તડાપીટ બોલાવી હતી.

કમિશનરશ્રી ચૌધરીએ આ મુદ્દે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે અમારૂ કામ સરકાર પાસેથી મંજૂરીનું હતું બાકી કોને લઈ જવા અને કોને કહેવુ તે કામ તો ચૂંટાયેલી પાંખ અને સેક્રેટરીએ કરવાનું છે. અમે તો મેયરને આ બધી જાણ કરી જ દીધી હતી.

કમિશનરની ચોકાવનારી સ્પષ્ટતાનો પ્રત્યુત્તર પણ મેયરે ચોંકાવનારો આપ્યો અને જણાવ્યું હતું કે આવો સેમિનાર છે એટલી અને જાણ કમિશનરે કરી હતી. બાકીની કોઈ જ વાત મારી અને તેમની વચ્ચે થઈ જ નથી.

આ મુદ્દો આજે સામાન્ય સભામાં ખુબ ગાજ્યો હતો. કોંગીના યુવા સભ્યો હર્ષજીત પંડ્યા, જીતુ રાયકા, ચીમન વિંઝુડા, હસમુખ મકવાણા, પ્રવિણ પટેલ સહિતના સભ્યો ઉભા થઈ ગયા હતા અને પ્લેકાર્ડ બતાવી "કુછ દિન બાસણ, પાલજ, આદિવાડા, ઈન્દ્રોડામેં તો ગજારીએ"

કોંગીના આક્રમણને ભાજપના જ કાઉન્સીલર શ્રી સંદીપ જ્યોતિકર સહિતના કેટલાક સભ્યોએ સમર્થન પણ કર્યુ હતું.

મામલો બિચકતો જણાતાં જ

● અનુસંધાન પાન-૭ પર


**અનાવિલ અવસાન / બેસણું**



અમારા **ભાભીશ્રી / માતૃશ્રી માલતીબેન (સ્મિતાબેન) અરવિંદભાઇ દેસાઇ**નું દુઃખદ અવસાન તા. ૨૦-૧૧-૨૦૧૫ ને શુક્રવારે થયેલ છે. સદ્‌ગતનું બેસણું **સોમવારે તા. ૨૩-૧૧-૨૦૧૫** ના રોજ **સાંજે ૪ થી ૭** દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

**સ્થળ:** પ્લોટ નં. ૨૩૩, સેક્ટર નં. ૭/એ, ગાંધીનગર - ૩૮૨૦૦૭.

**સ્વ. અરવિંદભાઇ ધીરૂભાઇ દેસાઇ (Retd. I.A.S.)**

**ડૉ. હર્ષદભાઇ ધીરૂભાઇ દેસાઇ (સાયણ)** | **ડૉ. દક્ષાબેન હર્ષદભાઇ દેસાઇ**
**સ્વ. સુરેશભાઇ ધીરૂભાઇ દેસાઇ (સાયણ)** | **ગં.સ્વ. શીલાબેન સુરેશભાઇ દેસાઇ**
**અશેષ અરવિંદભાઇ દેસાઇ (પુત્ર)** | **અ.સૌ. નિલાબેન અશેષ દેસાઇ**
**અમિત અરવિંદભાઇ દેસાઇ (પુત્ર)** | **અ.સૌ. પિન્કીબેન અમિત દેસાઇ**

**પૌત્રી: અનાયકા અને અનોષ્કા ● અમિત દેસાઇ - ૯૮૨૫૦ ૩૬૩૮૦**

પિયર પક્ષનું બેસણું પણ ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**ડૉ. જીતુભાઇ મગનલાલ દેસાઇ પરિવાર (USA)**


# નેતાઓ ખેડુતોને ખોટા વચનો આપીને ભરમાવે નહીં : ખેડુત હીત રક્ષક મંડળ

**છેલ્લા બે દાયકાથી ભાજપે ખેડુતોને ખોટા વચનો આપી મુર્ખ બનાવ્યા છે**

ગાંધીનગર તા ૨૦

ચુંટણી સમયે ખેડુતોને ખોટા વચનો આપી ભરમાવશો નહીં. કૃષિ મેળાથી ખેડુતોનુ પેટ ભરાતુ નથી. ખેતી કરીને જીવન નિર્વાહ કરતા ખેડુતોને નેતાઓ ઠાલા વચનો ન આપે તેવી પ્રબળ માંગણી અને લાગણી ગુજરાત ખેડુત હીત રક્ષક મંડળે વ્યકત કરી છે. છેલ્લા બે દાયકાથી ભાજપે ગુજરાતના ખેડુતોને મુર્ખ બનાવી સત્તા ટકાવી રાખી છે. તેવો આક્રોશ પણ હીત રક્ષક મંડળે ઠાલવ્યો છે.

ગુજરાત ખેડુત હીત રક્ષક મંડળે ચુંટણી ટાંણે નેતાઓ ખેડુતોને ઠાલા વચનો આપી ભરમાવે નહી તેવો આક્રોશ વ્યકત કરી ભુતકાળના કડવા અનુભવો સામે પણ ઘોર નારાજગી વ્યકત કરી છે. હીત રક્ષક મંડળે આ અંગે આક્રોશ વ્યકત કરતા જણાંવ્યા મુજબ ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષથી ભાજપનુ શાસન છે. ખેડુતોને મુર્ખ બનાવી સત્તા ટકાવી રાખી છે. વર્ષ ૨૦૦૨માં વિધાનસભાની ચુંટણી વખતે આપેલા વચનો જરા યાદ કરી આ પૈકી કેટલા

● અનુસંધાન પાન-૬ પર

# સામાન્ય સભાની બાબત સ્ટેન્ડીંગમાં રજુ કરી અવમાન કરનાર કમિશનર માફી માંગે : જ્યોતિકર

ગાંધીનગર, તા. ૨૦

સામાન્ય સભાની સત્તામાં આવતુ કાર્ય સ્ટેન્ડીંગ કમિટીમાં પણ પૂરક એજન્ડામાં દર્શાવી રજુ કરી મંજૂર કરાવવામાં મ્યુનિ. કમિશનરે સામાન્ય સભાનું અવમાન કર્યું છે અને તેમણે સભાની માફી માંગવી જોઈએ તેવી માંગણી ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે આજે કરી હતી.

મનપાના નિમણુંકો અંગેના નિયમોને સ્ટેન્ડીંગ કમિટીમાં રજુ કરી કમિશનરે સામાન્ય સભાનું અવમાન કર્યું છે અને તેમણે માફી માંગવી જોઈએ ત્યાર બાદ જ સામાન્ય સભાનું કામકાજ શરૂ થશે તેવી માંગણી ભાજપના જ સભ્ય દ્વારા કરવામાં આવાતાં કોંગ્રેસ પક્ષમાં ખુશીનો માહોલ જોવા મળતો હતો.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે આજે મળેલ સામાન્ય સભામાં સભાનું કામકાજ શરૂ થતાં જ ભાજપના સંદીપ જ્યોતિકરે આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. ભાજપમાં જૂથબંધી ચરમસીમાએ પહોંચી હોવાનું જણાતાં કોંગ્રેસી સભ્યો ગેલમાં આવી ગયા હતા અને જ્યોતિકરના વિધાનોને પાટલી થપથપાવી આવકાર્યા હતા.

મ્યુનિ. કમિશનરશ્રી ચૌધરીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે રિક્રુટમેન્ટ રૂલ્સ પહેલાં અંગ્રેજીમાં તૈયાર થયા હતા અને ગુજરાતીમાં અનુવાદ કરાવતાં વધુ કેટલીક ત્રુટીઓ ધ્યાને આવી હતી.

● અનુસંધાન પાન-૬ પર

# ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ નગર બન્યું હતું. આજે લઘુત્તમ તાપમાન વધુ એક ડિગ્રી જેટલુ ઘટીને ૧૪.૫ ડિ.સે. નોંધાયું છે. રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં સારી એવી ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

શિયાળાની મૌસમ ધીમે ધીમે જામતી હોય તેવુ લાગી રહ્યું છે. વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. સૂર્યાસ્ત વહેલો થઈ જતા દિવસ ટુંકો થતો જાય છે. અને રાત્રી લાંબી થતી જાય છે.

અંધારૂ ઘેરાતા જ વાતાવરણમાં ઠંડક વધતી જાય છે. દ્વિચક્રી વાહન પર નીકળો તો તીવ્ર ઠંડીનો અનુભવ થાય છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે. નોંધાયું હતું જે આજે વધુ એક ડિગ્રી જેટલુ ઘટીને ૧૪.૫ ડિ.સે. પહોંચ્યું છે. ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત વધતી જાય છે. જો કે હજુ દિવસ દરમ્યાન વાતા ઠંડા પવનોની ગેરહાજરીના કારણે હજુ આકરો તાપ અને ગરમી અનુભવાય છે. આગામી દિવસોમાં હજુ વધુ ઠંડી પડે તેવી સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આજે મહત્તમ તાપમાન ૩૩.૦ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૬૦ ટકા અને સાંજે ૩૫ ટકા નોંધાયું હતું.





**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ગાંધીનગર માટે**
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧




**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**




**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com